# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-07-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાજ્યમાં ખરીફ વાવેતર

કૃષિ મંત્રી રાઘવજી પટેલે રાજ્યમાં ખરીફ વાવેતરની વિગતો આપતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિત ગુજરાતભરમાં વાવણી લાયક વરસાદ થતા ખેડૂતોએ ખરીફ પાકોનું ઉત્સાહભેર વાવેતર કર્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૩ ટકા નોંધાયો છે. કૃષિ મંત્રીએ ચાલુ ખરીફ સિઝન દરમિયાન ૩૦ જુલાઈ સુધીમાં થયેલા વાવેતરની વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં અત્યાર સુધીમાં આશરે ૬૬ લાખ હેક્ટર જેટલા વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર પૂર્ણ થયું છે. મગફળી અને કપાસના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં આશરે ૨૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કપાસ અને ૨૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત રાજ્યમાં ધાન્ય પાકોનું અત્યાર સુધીમાં ૯.૭૯ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં, કઠોળ પાકોનું અત્યાર સુધીમાં ૨.૫૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં તેમજ ઘાસચારાનું અત્યાર સુધીમાં ૬.૪૬ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે.

-----------------------------------------------------------------------------------------

## અનુ. જાતિ પેટા યોજના અમલીકરણ સમિતિની સમીક્ષા બેઠક

કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને આજરોજ કલેકટર કચેરી ખાતે અનુસૂચિત જાતિ કલ્યાણ માટેની અનુસૂચિત જાતિ પેટા યોજના અમલીકરણ સમિતિની સમીક્ષા બેઠક યોજાઇ હતી.

બેઠકમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ થયેલા ખર્ચની સમીક્ષા તથા વિવિધ યોજના હેઠળ લાભાન્વિત લાભાર્થીઓનું સહવર્તી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. કચ્છ માટેની રૂપિયા ૫ હજાર ૭૭૩.૮૧ લાખની જોગવાઇ સામે રૂપિયા ૪ હજાર ૦૭૩.૬૯ લાખની ગ્રાન્ટમાંથી જૂન-૨૦૨૫ સુધીમાં રૂપિયા ૨ હજાર ૯૭૯.૮ લાખનો ખર્ચ થયો હોવાની માહિતી બેઠકમાં રજૂ કરાઇ હતી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, કુટીર ઉદ્યોગ, ખેતીવાડી, બાગાયત, પશુપાલન વિભાગ, સિંચાઇ શાખા, પોષણ કાર્યક્રમ સહિતના વિવિધ અમલીકરણ વિભાગોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

---

## ભુજ પાલિકા : અમૃત બે યોજના હેઠળ કામો

ભુજ નગરપાલિકા દ્વારા અમૃત-બે યોજના હેઠળ 56 કરોડના ખર્ચે ભુજના તમામ વોર્ડને આવરી લેતા ગટર-પાણી લાઇનના કામો અંગે તમામ નગરસેવકોને વાકેફ કરવા ખાસ બેઠક યોજાઇ હતી. ભુજ મામલતદાર કચેરી ખાતે પ્રાંત અધિકારી સુધરાઇના મુખ્ય અધિકારી અનિલ જાદવની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં 44 નગરસેવકોને તેમના વિસ્તારમાં હાથ ધરાયેલા અને ધરાનારા કામો અંગે પ્રેઝન્ટેશન દ્વારા માહિતગાર કરાયા હતા. અમૃત યોજના-એકમાં થોડા કામો બાકી છે. તે ઝડપભેર પૂર્ણ કરાય જેથી અમૃત યોજના-બે સાથે તેને જોડી શકાય તે માટે નિર્ણય લેવાયો હતો.

---

## મહિલાઓ માટે રોજગારી લક્ષી સેમિનાર

મહિલાઓ આત્મનિર્ભર બને અને સરકારની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવાના હેતુથી ભુજમાં શ્રદ્ધા મહિલા વિકાસ ટ્રસ્ટ તથા ભુજ નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે રોજગારલક્ષી સેમિનાર યોજાયો હતો. `ઉદ્યમી' કાર્યક્રમ અંતર્ગત મહિલાઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય અનિરુદ્ધભાઇ દવેએ દીકરીઓના ભણતર પર ભાર મૂકતાં સરકારના સંપૂર્ણ સાથ-સહકારની ખાતરી આપતાં તેમણે પાણી બચાવો, સ્વચ્છતા તથા વૃક્ષ બચાવો જેવા પર્યાવરણલક્ષી મુદ્દા પર ભાર મૂક્યો હતો. શ્રદ્ધા મહિલા વિકાસ ટ્રસ્ટના પ્રમુખ

મીતાબેન ગોરે માત્ર વોટ્સએપના માધ્યમથી એક જ અઠવાડિયામાં બે હજારથી વધુ એન્ટ્રી આવી હોવાનો હર્ષ વ્યક્ત કર્યો હતો. સેમિનારમાં વિધવા સહાય, વહાલી દીકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના સહિતની અનેક યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## હમીરસર તળાવમાં માછલીના બચ્ચા મુકાયા

ભુજ નગરપાલિકા દ્વારા કચ્છ વિકાસ ટ્રસ્ટ પાસેથી 1 લાખ માછલીઓના બચ્ચાઓ લઈને હમીરસર તળાવમાં મુકવામાં આવ્યા છે. માછલીઓથી તળાવનું પાણી શુદ્ધ થશે, તળાવમાં થતા લીલ શેવાળ, તેમજ અન્ય ગંદકી દુર કરવામાં પણ મદદરૂપ થશે. તળાવની સ્વચ્છતા બાબતે સૌ શહેરીજનો જાગૃત થઈ હમીરસર તળાવને ગંદકીથી બચાવવા અને તેને સ્વચ્છ, સુંદર બનાવા માટે નગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## ભુજમાં અશ્વમિત્ર સંમેલન

વ્યવસાયિક ધોરણે ઉપયોગમાં લેવાતા અને અર્થોપાજનમાં ઉપયોગી બનતા પશુઓ માટે કાર્યરત બ્રુક ઇન્ડિયા સંસ્થાના ઝોનલ અશ્વમિત્ર સંમેલન ભુજ ખાતે યોજાયું હતું. સંસ્થાના કો ઓર્ડિનેટર અંજલ શાહે વિગત આપતા જણાવ્યુ હતું કે આ સંસ્થા દ્વારા વ્યવસાયિક ઉપયોગમાં લેવાતા ઘોડા, ખચ્ચર અને ગધેડા જેવા પશુઓના સ્વાસ્થ્ય અને ઉછેર માટે કાર્ય કરવામાં આવે છે. સંમેલનમાં વિવિધ વિસ્તારમાંથી આવેલા પશુમાલિકોએ પશુઓના ઉછેર માટેના પોતાના અનુભવો અને પ્રશ્નોતરીની આપ લે કરી હતી. સંસ્થા દ્વારા પુશઓના આરોગ્ય સંબંધીત માર્ગદર્શન પણ અપાયું હતું.

---------------------------------------------------------------------------------------